વડીલોને વંદન અભિનંદન

જીતેન્દ્રકુમાર સી. ચતુર્વેદી
(૧૯૪૯)ફોન: ૨૩૨૮૯૪૮૫

બોર્ડ પરીક્ષામાં ધોરણ ૧૦માં આજે ગણિતનું પેપર પુછાશે

કારકિર્દી માટે મહત્વપૂર્ણ ગણિત પેપરને લઈ વિદ્યાર્થીઓ ચિંતાતુર : સામાન્ય પ્રવાહમાં વાણિજ્ય વ્યવસ્થાનું પેપર

અમદાવાદ, તા.૧૨

ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા પોતાના બીજા પડાવમાં પહોંચી ચુકી છે. જ્યાં બુધવારે વિદ્યાર્થીઓ ધોરણ-૧૦માં સૌથી મુશ્કેલ અને કારકીર્દી માટે સૌથી મહત્વના ગણાતા એવા ગણિત વિષયનું પેપર આપશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ બુધવારે વાણિજ્ય વ્યવસ્થાનું પેપર આપશે. તો ધોરણ-૧૨ ઉત્તર બુનિયાદી પ્રવાહના વિદ્યાર્થીઓ સામાજીક વિજ્ઞાનનું પેપર આપશે. ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા પોતાના બીજા પડાવમાં પહોંચી ચુકી છે. જ્યાં વિદ્યાર્થીઓ બુધવારે ગણિતનું પેપર આપશે. સામાન્ય રીતે અઘરું અને લાંબા ગણાતા ગણિતના પેપરને લઈ વિદ્યાર્થીઓમાં ભારે ચિંતા પ્રવર્તતી જોવા મળી હતી. જેના કારણે વિદ્યાર્થીઓએ છેલ્લી ઘડી સુધી ગણિતના કોયડા ઉકેલવાની પ્રેક્ટીસ કરી હતી. આ પહેલા ધોરણ-૧૦માં વિજ્ઞાન અને ટેકનોલોજીનું પેપર અઘરું પૂછાતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. જ્યારે સામાજીક વિજ્ઞાનનું પેપર પણ લાંબુ અને અટપટું પૂછાતા વિદ્યાર્થીઓને પાંચથી ૧૦ માર્કસનું પેપર બાકી રહી ગયું હતું. તેવામાં ગણિતનું પેપર જો અઘરું નીકળે તો વર્તમાન વર્ષમાં ધોરણ-૧૦નું પરિણામ નીચું જવાની ભીતી સેવાઈ રહી છે. જેનાં પગલે ગણિતનું પેપર સહેલું નિકળે તેવું વિદ્યાર્થીઓ પ્રાર્થના કરી રહ્યા છે. સાથે-સાથે મંગળવારે એક દિવસ મળેલી રજાનો ઉપયોગ કરી આકરી મહેનત કરી હતી. આ ઉપરાંત ગણિતના પેપરમાં બોર્ડદ્વારા વિદ્યાર્થીઓને ૧૫ મિનીટ ઓછી ફાળવવાના નિર્ણયને લઈને પણ વિવાદ થયો હતો. વિદ્યાર્થીઓના વિરોધ છતાં બોર્ડે પોતાનો નિર્ણય કાયમ રાખ્યો હતો. જેથી વિદ્યાર્થીઓએ ૧૮૦ મિનીટમાં જ ગણિતનું પેપર લખવું પડશે. જ્યારે બીજી બાજુ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં બુધવારે વાણિજ્ય વ્યવસ્થાનું પેપર છે. ધોરણ-૧૨ની કોમર્સ ટીમના મહત્વના માનવામાં આવતાં વાણિજ્ય વ્યવસ્થાના પેપરને લઈને પણ વિદ્યાર્થીઓમાં આતુરતા છે. જેમાં ખાસ કરીને આંકડાશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનું પેપર મધ્યમ રહેતા ઉત્સાહીત વિદ્યાર્થીઓ જો વાણિજ્ય વ્યવસ્થાનું પેપર પણ સરળ નીકળે તો હાશ અનુભવશે. જ્યારે ધોરણ-૧૨ ઉત્તર બુનિયાદી પ્રવાહમાં બુધવારે સામાજિક વિજ્ઞાનનું પેપર લેવામાં આવશે. જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના આર્ટ્સ વિભાગમાં બુધવારે વિદ્યાર્થીઓને પેપર ન હોવાથી રજા રહેશે. ઉલ્લેખનીય છે કે, ધોરણ-૧૦માં ગણિત અને ધોરણ-૧૨માં વાણિજ્ય વ્યવસ્થાનું પેપર હોવાથી વિદ્યાર્થીઓમાં ભારે આતુરતા જોવા મળી રહી છે.

ગુજરાત સિંચાઈ-પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક વિરૂદ્ધ ગાંધીનગર તાલુકા કોંગ્રેસે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૧૨

૧૩મી વિધાનસભામાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક પસાર કરવામાં આવ્યું છે. આજરોજ ગાંધીનગર તાલુકા કોંગ્રેસ સમિતિએ આ કાયદાને ખેડૂત વિરોધી કાળો કાયદો કહી તેને રદ કરવા માટેનું આવેદનપત્ર જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપને સુપ્રત કર્યું હતું.

૧૩મી વિધાનસભામાં પસાર કરેલ ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા નામનો કાયદો બનાવ્યો છે. આ કાયદાથી ખેડૂતોએ કુવો, બોરવેલ કે ટ્યુબવેલ બનાવવા માટે સરકાર પાસેથી લાયસન્સ લેવું પડશે અને ફી પણ ભરવી પડશે તેમજ તળાવ, ચેકડેમ, ડેમ, નહેર સહિતના પાણીના સંગ્રહસ્થાનો પર રાજ્ય સરકારનો અધિકાર રહેશે. તેમજ આ કાનુનનો ભંગ કરનાર ખેડત દંડનીય કાર્યવાહી થઈ શકશે. આથી નદી નાળાંમાંથી તેમજ નહેરમાંથી જાણે અજાણ્યે મજુરી વગર પાણી લેવું તે ગુનો બનશે.

અંગ્રેજોના સમય કરતા પણ વધુ ખરાબ ખેડૂત વિરોધી કાયદો ખેડૂતોને કષ્ટદાયી સાબિત થવાનો છે. તેવું ગાંધીનગર તાલુકા કોંગ્રેસના પ્રમુખ બાબુજી ઠાકોરે જણાવ્યું હતું. અને આ કાયદાનો વિરોધ કરતુ આવેદન પત્ર ગાંધીનગર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને કાર્યકરો દ્વારા જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપને આપવામાં આવ્યું હતું.

વેજલપુર ગેરેજમાં રાખેલી કારોના કાચ તોડી યુવાન ફરાર

અમદાવાદ,તા.૧૨

શહેરના વેજલપુર ખાતે ગેરેજમાં રિપેરીંગ કામ અર્થે આવતી કારોના કાચ તોડી એક યુવાન ફરાર થઈ ગયો હતો. આ અંગે ગેરેજ માલિકે વેજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કારોના કાચ તોડનાર યુવાનને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે.ઘટનાની મળતી માહિતી એવી છે કે, જુહાપુરા સમ્રાટ નગરના મકાન નંબર ૯૫/૧માં હિતેષ પ્રવિણભાઈ મોદી પોતાના પરિવાર સાથે રહે છે. હિતેષભાઈ જીવરાજપાર્ક ખાતે હરી મોટર્સ નામનું કાર રિપેરીંગ કરવાનું ગેરેજ ધરાવે છે. ગઈકાલે હિતેષભાઈના ગેરેજમાં રિપેરીંગ કામ અર્થે લગભગ ૧૧ ગાડીઓ પડી હતી. દરમિયાનમાં બપોરના સમયે હિતેકભાઈનાં ગેરેજ ઉપર અફઝલ અંસારી (રહે. આઝમ સોસાયટી, જુહાપુરા) આવ્યો હતો અને રિપેરીંગમાં પડેલી કારોના કાચ તોડી નાસી છૂટ્યો હતો. હિતેષભાઈએ આ અંગે વેજલપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતા વેજલપુર પોલીસે અફઝલને પકડવા કવાયત હાથ ધરી છે.

મધ્યાહ્ન ભોજન માટેની ૬૪૧૫૬.૫૩ લાખ ગ્રાન્ટમાંથી રૂ. ૧૯૩૭.૮૩ લાખ ખર્ચાયા નહીં

બીપીસીએલ કંપની સર્વિસ પ્રોવાઈડરની નિમણૂંક કરે ત્યાર પછી જાહેર વિતરણના કેરોસીન ટેન્કરોમાં જીપીએસ મુકવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

મધ્યાહ્ન ભોજન યોજના માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૬૪૧૫૬.૫૩ લાખ જેટલી રકમની ગ્રાન્ટ મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૧-૧૨માં મળેલી રૂ. ૩૫૩૦૧.૫૮ જેટલી મળેલી કેન્દ્રની ગ્રાન્ટ પૈકી રૂ. ૧૯૩૭.૮૩ લાખ વણવપરાયેલ હોવાનું વિધાનસભામાં આજે કોંગ્રેસના ધારાસભ્ય રાઘવજી પટેલના એક પ્રશ્નના લેખિત જવાબમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું.

શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે મધ્યાહ્ન ભોજન માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને વર્ષ ૨૦૧૦-૧૧માં રૂ. ૨૮૮૫૪.૯૫ લાખ અને વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ. ૩૫૩૦૧.૫૮ લાખ ગ્રાન્ટ મળી હતી. તેમાંથી વર્ષ ૨૦૧૦-૧૧માં કોઈ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ નથી જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં કેન્દ્રમાંથી મળેલી ગ્રાન્ટમાંથી રૂ. ૧૯૩૭.૮૩ લાખ વણવપરાયેલ છે. આ રકમ કેન્દ્ર સરકારને પરત કરવામાં આવતી નથી. પરંતુ તે પછીના વર્ષમાં કેન્દ્ર સરકારની મંજુરીથી ખર્ચવામાં આવે છે.

વાણિજ્ય વ્યવસ્થામાં ૩૮ અને ભૂગોળમાં ૧૦૬ પરીક્ષાર્થી ગેરહાજર

ગાંધીનગર, તા. ૧૨

ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં આજે ભૂગોળ અને વાણિજ્ય વ્યવસ્થા વિષયની પરીક્ષા યોજાઈ હતી. જિલ્લામાંથી ૪૧૯૬ વિદ્યાર્થીઓએ ભૂગોળની પરીક્ષા આપી હતી. ૧૦૬ ગેરહાજર રહ્યા હતા, જ્યારે ૨૮૯૯ વિદ્યાર્થીઓએ વાણિજ્ય વ્યવસ્થાની પરીક્ષામાં બેઠા હતા. જેમાં ૩૮ની હાજરી ઘટી હતી. ધો. ૧૦માં બુધવારે ગણિતની પરીક્ષા લેવાશે.

ધો. ૧૦માં ગુજરાતી, વિજ્ઞાન તેમજ સામાજિક વિજ્ઞાન તેમ ત્રણ પેપરો પુરા થઈ ગયા છે. ગુજરાતીના સરળ પેપર બાદ વિજ્ઞાન તેમજ સમાજવિજ્ઞાનનું પ્રશ્નપત્ર થોડુ અઘરૂ લાગતા વિદ્યાર્થીઓ અકળાયા હતા, જ્યારે પરીક્ષાના મધ્યાંતરે બુધવારે ગણિતના મહત્વના વિષયની પરીક્ષા લેવાનાર છે. ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં પણ આજે ભૂગોળ અને વાણિજ્ય વ્યવસ્થા વિષયની પરીક્ષા લેવાઈ હતી. આ ઉપરાંત ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જૂના કોર્ષના વિદ્યાર્થીઓ માટે જીવવિજ્ઞાનની પરીક્ષા યોજાઈ હતી. જિલ્લામાંથી ૩૦ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. જ્યારે બે પરીક્ષાર્થી ગેરહાજર રહ્યા હતા.

વિજ્ઞાન મેળામાં ૪ લાખથી વધુ મુલાકાતી પહોંચ્યા છે : ત્રિવેદી

વિજ્ઞાનમાં વિદ્યાર્થીની અભિરૂચિ કેળવાય તથા વૈજ્ઞાનિક શોધોથી તેઓ માહિતગાર બને તેવો મોદી સરકારનો હેતુ

ગાંધીનગર, તા.૧૨

વિજ્ઞાનમાં વિદ્યાર્થીઓની અભિરૂચિ કેળવાય તથા વૈજ્ઞાનિક શોધોથી તેઓ માહિતગાર બને એ માટે રાજ્યમાં નિયમિતપણે વિજ્ઞાન મેળાઓનું આયોજન થાય છે. તે અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩માં રાજકોટ જિલ્લામાં રાજકોટ ખાતે રાજ્યકક્ષાના વિજ્ઞાનમેળામાં ૩૫૦ શાળાઓએ ભાગ લીધો હતો. જ્યારે મુલાકાતીઓની સંખ્યા અંદાજે ૪ લાખથી વધુ હતી, તેમ શિક્ષણ રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદીએ આજે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું.

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કપડવંજ, અમદાવાદ, આણંદ, હિંમતનગર ખાતે વિજ્ઞાન મેળાઓનું આયોજન કરાયું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, વિજ્ઞાન મેળાના આયોજન માટે આયોજકને રૂા.૧૬.૭૦ લાખની સહાય આપવામાં આવે છે. વિજ્ઞાન મેળાના કારણે વિદ્યાર્થીઓમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીની જાણકારી સાથે વૈજ્ઞાનિક અભિગમ પણ કેળવાય છે. પરિણામે રાજ્યની શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થતો જાય છે. વિજ્ઞાનમેળાઓના પરિણામે વિદ્યાર્થીઓના વધતા જતાં કૌશલ્યથી રાજ્યના વિદ્યાર્થીઓની કૃતિઓ રાષ્ટ્રીકક્ષાએ પણ પુરસ્કૃત થઈ છે.

સોલા વિસ્તારમાં ચાલતા જુગારધામ ઉપર દરોડો : ૪.૭૮ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

અમદાવાદ,તા.૧૨

શહેરભરમાં જુગારધામોની ઋતુ ખીલી હોય તેમ એકપછી એક જુગારધામ ઉપર પોલીસ ત્રાટકી રહી છે. એલિસબ્રિજ અને કણભામાંથી ઝડપાયેલા જુગારધામની ઘટનાને હાલ ૨૪ કલાક પણ થયા નહતાં કે તે પહેલાં જ સોલા પોલીસે વધુ એક જુગારધામ પર દરોડો પાડી છ શખ્સોની ધરપકડ કરી ૪.૭૮ લાખથી પણ વધારેનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સોલા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ કંટ્રોલરૂમને કોઈ વ્યક્તિએ ફોન કરીને જાણ કરી હતી કે, સોલા ખાતે આવેલ રામ-બલરામ સોસાયટીમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. કંટ્રોલ દ્વારા સોલા પોલીસને મેસેજ મળતા પોલીસ તત્કાલ રામ-બલરામ સોસાયટીમાં પહોંચી ગઈ હતી અને જુગાર રમતા શ્યામ પ્રજાપતિ, બાબુ વિજાભાઈ નાયક, હિતેષ શ્યામ પ્રજાપિત, ફાલ્ગુન પટેલ, રમેશ શંકરલાલ પટેલ, દિલિપ મનુભાઈ પટેલને જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતાં. પોલીસે તેમની પાસેથી સાત નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૩૧,૦૦૦ તથા તેમની અંગઝડતી લેતા તેમની પાસેથી જુગારના સાધનો તથા રોકડ રૂપિયા ૮૨,૩૦૦ તથા પાંચ બાઈકો મળી કુલ ૪.૭૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.સોલા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં ૨૫ દેશના ૪૨ પ્રતિનિધિઓએ ખાદી અને ગ્રામોદ્યોગ વિશે માહિતી મેળવી

ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ, અમદાવાદ ખાતે આવેલ રાજ્ય કાર્યાલયની આજે વિવિધ ૨૫ દેશના કુલ ૪૨ પ્રતિનિધિઓએ મુલાકાત લીધી હતી. શ્રીલંકા, ઈન્ડોનેશિયા, ઝીમ્બાવ્વે, કેન્યા વિગેરેના પ્રતિનિધિઓએ મૂલાકાત દરમિયાન ખાદી અને ગ્રામોદ્યોગની અનેકવિધ પ્રોડક્ટ્સ વિશે જાણકારી મેળવી હતી. તમામ મુલાકાતીએ ખાદી અને ગ્રામોદ્યોગની પ્રોડ્કટ્સની વિસ્તૃત છણાવટને રસપ્રદ રીતે સમજી હતી. મુલાકાત સમયે કેવીઆઈસીના ચેરમેન દેવેન્દ્રભાઈ દેસાઈ તેમજ જોઈન્ટ સીઈઓ વી. બી. ગાંગુરડે તેમજ ઝોનલ અમદાવાદના રાજ્ય નિર્દેશક સંજય જી. હેડાઉ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગૌમાંસની હેરાફેરીનાં વિરોધમાં ‘ચલો કતલખાને’ રેલી યોજાઈ

અમદાવાદ, તા. ૧૨

અમદાવાદ શહેરમાં છેલ્લા થોડા સમયથી થઈ રહેલી ગાયોની ચોરી, કતલ તેમજ ગૌમાંસની હેરાફેરીના કિસ્સાઓ વધી રહ્યા છે. જેના પગલે માલધારી સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે. માલધારી સમાજ દ્વારા આજે બાપુનગરમાં ગૌમાંસ તેમજ ગાયોની ચોરીના વિરોધમાં પ્રદર્શન કર્યુંહતું. અને ચલો કતલખાનેની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીની પોલીસ મંજૂરી ન હોવાને કારણે પોલીસે ૧૦થી વધુ વ્યક્તિઓની આ અંગે ધરપકડ કરી હતી.

માલધારી એકસા સમિતિના પ્રમુખ નાગજીભાઈ દેસાઈની આગેવાની હેઠળ આજે માલધારી સમાજ દ્વારા ચલો કતલખાનેની રેલીનું આયોજન કરવામાંઆવ્યુંહતું. આ રેલીની પોલીસ પરમિશન આપવામાં આવી ન હતી. જેથી પોલીસે પ્રદર્શનકારીઓને રોકયા હતા. પોલીસ તેમજ પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ ઉભું થયું હતું. અને તેમને અટકાવ્યા હતા. અને મંજૂરી વગર રેલી કાઢતા ૧૦થી વધુ વ્યક્તિઓની પોલીસે ધરપકડ કરી હતી. માલધારી સમંજના આગેવાન એવા જેરામભાઈ રબારીએ જણાવ્યું હતું કે, શહેરમાં છેલ્લાં ઘણા સમયથી ગાયોની ચોરીઓ થઈ રહી છે. અને આ ગાયોને બચાવવા રેલીનું આયોજન અમે કર્યું છે. ગાયોની ચોરી થતી હોવા છતાં પોલીસ કંઈ જ સાંભળતી નથી. તેમજ ફરિયાદ લેતી નથી. શહેરમાં ઘણી ગાયો કતલખાને લઈ જઈ અને કમાય છે છતાં કોઈ એક્શન લેવામાં આવતું નથી. સરકારને પણ આ અંગે ઘણીવાર માલધારી સમાજે રજૂઆત કરી છે. છતાં કોઈ જ નથી સાંભળતું તેવું વધુમાં તેમણે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલાં માલધારી સમાજ દ્વારા અમદાવાદ પોલીસ કમિશનરને ગાયોની ચોરી તેમજ ગૌમાંસની હેરાફેરીને પગલે એક આવેદનપત્ર આપ્યું હતું. અને તેમાં આ અંગે રજૂઆત કરી હતી.

શબ્દાવલી - ૫૦૦૫



આડી ચાવી

૧. ફરાર, ભાગી જવું તે (૪)
૩. વિશાળ, મોટું (૩)
૫. તિરાડ (૨)
૬. લાંબુ, પહોળુ, ટૂકું વગેરેને... કહેવાય (૨)
૭. કંઈ પણ ખાધાપીધા વગર કરાતો ઉપવાસ (૪)
૯. એક ફળ (૨)
૧૨. કુમળાશ, નાજુકાઈ (૪)
૧૫. ‘કસૂર’ શબ્દ આડોઅવળો (૩)
૧૭. મોટુ, કાર્યમાં.... (૩)
૧૮. અગ્નિ, જવાળામુખી ફાટે ત્યારે.... નીકળે છે (૨)
૧૯. કટુવચન (૩)
૨૦. કેદ, જેલ (૩)

ઊભી ચાવી

૧. પડતી (૩)
૨. અતિશય લાડમાં રાખવું (૪)
૩. બોમ્બના ગોળા ફેંકવાનું સાધન (૨)
૪. દરિયાપુર - શાહપુરમાં ખૂબ.... વાળા સ્થળો છે.
૮. એક ચતુર ઉપયોગી માછલી (૩)
૧૦. મીસરી (૩)
૧૧. જિંદગી ... હે, અણધાર્યું (૪)
૧૩. તુટી જાય તેવું (૪)
૧૪. ... ટુમણ, જાદુ (૩)
૧૬. સુગંધ (૩)

શબ્દાવલી ૫૦૦૪ના જવાબ

આડી ચાવી :- (૧) અટકળ (૬) કોચ (૭) મનોમન (૮) ફરક (૯) ચળવળ (૧૨) મામા (૧૪) કાચ (૧૬) નગર (૧૮) નરક (૧૯) સગ (૨૦) વાળ (૨૧) કોરડો (૨૨) ગડકી

ઊભી ચાવી :- (૧) ટકોર (૩) કચકચ (૪) મનોબળ (૫) ચેનચાળા (૮) ફરમાન (૧૦) બકા (૧૧) વચનભંગ (૧૩) માગસર (૧૫) તકવાદી (૧૭) રગડો

ટ્યુકડી
જાહેર ખબર
દર ગુરૂવારે-રવિવારે
ગાંધીનગરસમાચાર

કંપની સમાચાર

સાધુ વાસવાની મિશનના વડા દાદા. જે.પી. વાસવાનીનું ‘રૂહ રીહાન’ પ્રવચન

આધ્યાત્મિક મહાગુરૂ અને સાધુ વાસવાની મિશનના વડા દાદા જે.પી. વાસવાની આધુનિક જીવનની સમસ્યાઓ હલ કરવા અંગે શિખ્યોને માર્ગદર્શન આપશે

અમદાવાદમાં તા.૧૧ માર્ચ ૨૦૧૩ના રોજ સાંજે ૬-૩૦ કલાકે ભાટ-ગાંધીનગર હાઈવે ઉપર આવેલા કાનન ફાર્મમાં આધ્યાત્મિક મહાગુરૂ અને સાધુ વાસવાની મિશનના વડા દાદા જે.પી. વાસવાનીના પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવચનમાં દાદાની દિવ્યદૃષ્ટિ અંગે સમજ મેળવવા માટે ૧૦,૦૦૦થી વધુ લોકોહાજરી આપશે, જે આધુનિક જીવનની સમસ્યાઓ હલ કરવા માટે ઉપયોગી નિવડશે તેવું માનવામાં આવે છે.

દાદાના આધ્યાત્મિક પ્રવચનોનો કાર્યક્રમનું આયોજન સાધુ વાસવાની મિશન (એસવીએમ)ની અમદાવાદ શાખા દ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંગે માહિતી આપતાં એસવીએમ, અમદાવાદનાં ચેરમેન ડૉ. એ.એન. કુકરેજાએ જમાવ્યું હતું કે ‘આધુનિક જીવનશૈલીમાં વ્યક્તિ પાસે હોય તે કરતાં વધુ ભોગવવાની ચિંતા અને તણાવ રહ્યા કરતો હોય છે. દાદા જેવા આધ્યાત્મિક ગુરૂ પાસેથી માર્ગદર્શન મેળવી વ્યક્તિ આધુનિક જીવનની વ્યથાથી મુક્ત થઈ દર્દમુક્ત જીવન જીવી શકે છે.’

તૈયારીઓને મંજૂરી... ● છેલ્લા પાનાનું ચાલુ

તંત્રના અધિકારીઓ પર રોષ ઠાલવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સ્થાયી સમિતિ મંજૂર કરે છે પણ અમલીકરણમાં ઉદાસીનતાના કારણો સમજાતા નથી. સફાઈ માટે જે અસરકારક મોનીટરીંગ થવુ જોઈએ તે પણ થતુ નથી.

કોંગી સભ્યો શ્રી અશ્વિન વ્યાસે ફ્રી ડસ્ટબીન પ્રાયોગિક ધોરણે નહિ પણ સમગ્ર શહેરમાં બધાને એકી સાથે આપવા રજુઆત કરી હતી તો શ્રી જીતુ રાયકાએ આકારણી પછી જે વસુલાત ના આવી હોય તેને આ લાભ ના આપવો જોઈએ તેમ જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં મ્યુનિ. કમિશનર શ્રી તેમજ અન્ય અધિકારીઓએ એવી સ્પષ્ટતા કરી હતી કે ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ માટેની તૈયારીઓ થઈ ગઈ છે. પ્રાયોગિક ધોરણે એકાદ-બે વોર્ડમાં તે એકાદ માસ ચાલશે અને ત્યારબાદ સમગ્ર શહેરમાં તે અમલી બનશે.

તેમણે જણાવ્યુ હતુ કે સફાઈની કામગીરીના મોનીટરીંગ માટેની નવી કાર્યયોજના તેયાર થઈ રહી છે. અને તે ઝડપથી અમલી બનાવવામાં આવશે.

લેન્ડફિલ્ડ સાઈટ, વે બ્રીજ સહિતની કામગીરીમાં ગતિ લાવવા માટે પણ સભ્યોએ આગ્રહ કર્યો હતો.

આજની બેઠકમાં રાજકોટ ખાતે યોજાનાર ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટેની મંજૂરી પણ આપી હતી.

૧.૫૩ લાખ અંદા... ● છેલ્લા પાનાનું ચાલુ

ઓફ કેટરેક્ટ એન્ડ રીફ્રેક્ટીવ સર્જરીના સભ્ય ડૉ. તેજલ દલાલ દ્વારા ઝામર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જિલ્લા આરોગ્ય અધિકારી રાકેશ વૈદ્ય, જિલ્લા વિકાસ અધિકારી બી.જે. ભટ્ટ, જિલ્લાના હેલ્થ અને આશા વર્કર્સના સહકારથી રોગ સંદર્ભે જનજાગૃતિ લાવવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આગામી તા. ૧૯ માર્ચના રોજ ટાઉનહોલમાં એક લેક્ચરનું પણ આયોજન કરાયું છે. કલોલ, માણસા અને દહેગામ નિવૃત્ત કર્મચારી મંડળ સાથે તા. ૧૦થી ૧૬ માર્ચ દરમિયાન જનજાગૃતિ કાર્યક્રમ પણ યોજાશે. જ્યારે દર્દીઓના નિદાન અર્થે સે. ૭ ઘ-૩ નજીક સ્થિત તેજ આઈ હોસ્પિટલ ખાતે ફ્રી નિદાન કેમ્પ પણ યોજાશે.

જાહેર નિવિદા

૫૮મી શાળાકીય નેશનલ વોલીબોલ સ્પર્ધા માટે જરૂરી સાધન સામગ્રી ખરીદવાનું ટેન્ડર

ગ્રાઉન્ડ એન્ડ ઈકવીટમેન્ટ કમિટી, કલેક્ટર કચેરી, ગાંધીનગર દ્વારા ૫૮મી શાળાકીય નેશનલ વોલીબોલ સ્પર્ધા માટે જરૂરી સાધન સામગ્રી ખરીદવા રસ ધરાવતા ઈસમો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક વચ્ચે તા. ૧૯-૩-૧૩ સુધીમાં કલેક્ટર કચેરી, ચૂંટણી શાખા ખાતેથી ટેન્ડર ફી રૂ. ૫૦/- રોકડેથી ભરેથી રૂબરૂ મેળવી શકાશે. ટેન્ડર ફી સાથે ટેન્ડર ફોર્મ તથા ખરીદવાની થતી જરૂરી સાધન સામગ્રીની વિગતો પરિશિષ્ટ-૧ તથા ટેન્ડરની શરતો જોઈ ચકાસી ટેન્ડર ભરવાનું રહેશે. આ ટેન્ડર ભરીને તા. ૨૦-૩-૧૩ના રોજ બપોરના ૧૫.૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી પહોંચાડવાના રહેશે. મળેલ ટેન્ડર તે દિવસે સાંજના ૧૬.૦૦ કલાકે કમિટી રૂબરૂ ખોલવામાં આવશે.

અધ્યક્ષ,
ગ્રાઉન્ડ એન્ડ ઈકવીપમેન્ટ કમિટી,
કલેક્ટર કચેરી, ગાંધીનગર

માહિતી/૧૪૩૦/૧૧-૧૩

સમાજ કલ્યાણ શાખા જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા અમલ કરાતી અનુસૂચિત જાતિ સમુદાય માટે વિવિધ યોજનાઓ

ગુજરાત રાજ્યમાં અનુ. જાતિઓના સર્વાંગી વિકાસની અનેક વિધયોજનાઓ ગુજરાત સરકારશ્રીના અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા તથા જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા સ્વભંડોળમાંથી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. સમાજ કલ્યાણ શાખા જિલ્લા પંચાયત ગાંધીનગર નીચે મુજબની યોજનાઓ દ્વારા અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટે કાર્યરત છે.

(૧) ધોરણ-૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષીતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (૨) ધોરણ-૧ થી ૧૦ મુનિ મેતરાજ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને પૂર્વ એસ.એસ.સી. શિષ્ટવૃત્તિ (૩) ધોરણ-૮માં અભ્યાસ કરતી અનુ.જાતિની વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના યોજના હેઠળ સાઈકલ આપવાની યોજના (૪) ધોરણ-૧ થી ૮ના અનુ. જાતિના બાળકોને ગણવેશ સહાય (૫) ધોરણ-૧થી ૧૦ અભ્યાસ કરતા અતિપછાત જાતિના બાળકોને વંદનીય સંતશ્રી વાસીયા દાદા ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ (૬) સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય - છાત્રાલયોને સહાયક અનુદાન અને વિજળીકરણ (૭) કુમાર રાજરત્ન આંબેડકર મફત તબીબી સહાય (એઈડ્ઝ, ટી.બી., રક્તપિત્ત, કેન્સર જેવા રોગ માટે) (૮) ૧૭ થી ૨૦નો સ્કોર ધરાવતા મકાન વિહોણા / કાચા મકાન ધરાવતા ઈસમો માટે ડૉ. આંબેડકર આવાસ યોજના (૯) અનુ. જાતિના પૈકી અતિપછાત જાતિના ૧૭ થી ૨૦નો સ્કોર ધરાવતા મકાન વિહોણા / કાચા મકાન ધરાવતા ઈસમો માટે ડૉ. આંબેડકર આવાસ યોજના (૧૦) દિકરીના લગ્ન પ્રસંગે સહાય માટે કુંવરબાઈનું મામેરું યોજના (૧૧) માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્ન યોજના (૧૨) યોજના / કાર્યક્રમો તથા કાયદાના પ્રચાર પ્રસાર માટે સમાજ શિક્ષણ શિબિર (૧૩) કુટુંબના સભ્યના મરણ પ્રસંગે સત્યવાદી રાજા હરીશચન્દ્ર મરણોત્તર સહાય યોજના.

જિલ્લા પંચાયત સ્વભંડોળની યોજનાઓ :-

(૧) વાલ્મિકી / અનુ. જાતિના ઈસમોને સ્વરોજગારી માટે સાધન સહાય (૨) અનુ.જાતિની મહિલાઓને સિલાઈ મશીન (૩) અનુ.જાતિ / જનજાતિ, બક્ષીપંચના ધોરણ-૫ થી ૮ની કન્યાઓને નોટબુક (૪) વાલ્મિકી સમાજનું જીવન ધોરણ સુધારણા (૫) અનુ.જાતિ / જનજાતિ, બક્ષીપંચના વિકલાંગ બાળકોને સાધન સહાય (૬) વિકાસના કામો માટે સહાય

વધુ માહિતી માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી જિલ્લા પંચાયત, ગાંધીનગર અને તાલુકામાં સમાજ કલ્યાણ નિર